# ઓરાણ પેપર મીલમાં બાળમજુરના મોતને છ દિવસ વિત્યા છતાંય તંત્ર હજુએ ગોર નિંદ્રામાં

**બાળ મજુરીનો કાયદો માત્ર કાગળો અને વાતોમાં : બાળ મજુરોને લઈને મીલ માલિક તથા કોન્ટ્રાક્ટર ઉપર તંત્રની મીઠી નજર : મૃતક તથા ફરીયાદી બન્ને મજુરો બાળ મજુર છતાંય તંત્રના ઠાગા ઠૈયા : પ્રાંતિજ સહિત તાલુકામાં અનેક ફેક્ટરીઓમાં બાળ મજુર કામ કરે છે**



પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ઓરાણ ખાતે આવેલ યુનિવર્સલ પેપર મીલ મા થયેલ ૧૫ વર્ષ ના બાળ મજુર ના છ દિવસ બાદ પણ હજુએ જવાબદાર તંત્ર ગૌર નિદ્રા મા હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે તો બાળ મજુરી ના કાયદા માત્ર કાગળો અને વાતો પુરતા હોય તેવુ સ્પષ્ટ જણાઈ આવેછે

પ્રાંતિજ ના ઓરાણ સીમમા આવેલ યુનિવર્સલ પેપર મીલ માં કામ કરતો બાળ મજુર વિજય ભાઈ સોમાજી ભાઈ ગણાવા ઉ.વર્ષ-૧૫ નુ પેપર મીલ મા મીલ મા રહેલ ટ્રેકટર લોડર મા આવી જતા અકસ્માતે મોત નિપજયુ હતુ તો બાળ મજુર નો કાયદો પણ જાણે કાગળો ઉપર હોય તેમ ધટના ને છ દિવસ થયા છતાંય જવાબદાર તંત્ર હજુએ ગૌર નિદ્રા મા છે અને મીલ માલિકો કે મીલ કોન્ટ્રાક્ટર સામે બાળ મજુરી કાયદો અધિનિયમ હેઠળ કોઈ જ એક્શન લેવામા આવી નથી ત્યારે હાલતો યુનિવર્સલ પેપર મીલ મા મૃત વિજય ભાઈ ગણાવા અને તેનો મોટો ભાઈ અજયભાઈ ગણાવા બન્ને ની ઉમર નાની હોવા છતાંય બન્ને બાળ મજુરો ને કામે રાખવામા આવ્યા હતા ત્યારે હજુએ પેપર મીલ મા કેટલા બાળ મજુરો કામ કરતા હશે એતો હવે ખરેખર તપાસ થાય ત્યાર બાદ બહાર આવે તેમ છે ત્યારે હાલતો પ્રાંતિજ-સહિત તાલુકામા એનક ફેકટરીઓમા બાળ મજુરો કામ કરે છે પણ જવાબદાર તંત્ર આવી ફેકટરીઓ સામે આખ આડા કાન કરી રહ્યુ હોય તેવુ આ ધટના ઉપર થી સ્પષ્ટ જણાઈ આવે છે ત્યારે અકસ્માત ને છ-છ દિવસો થયા છતાંય જિલ્લામાંથી બાળસુરક્ષા એકમ જિલ્લા શ્રમિક ના સહિત ના અધિકારીઓએ હજુએ યુનિવર્સલ પેપર મીલ મા ડોકાયા નથી ત્યારે શુ આ બાળ મજુર ના મોત બાદ પણ તંત્ર સબ સલામત હોવાના દાવા કરતુ હોય તેવુ જણાઈ આવે છે અને બાળ મજુરો ને લઈ ને મીલ માલિકો કે મીલ કોન્ટ્રાક્ટર ને છાવરતા હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે ત્યારે ખરેખર તંત્ર દ્વારા નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર કોન્ટ્રાક્ટર તથા મીલ માલિકો સામે પગલા ભરશે કે પછી હોતા હે ચલતા હે સબ સલામત ના ઢોગ કરશે એ તો હવે જોવુ રહ્યુ.

## જન્મદિને વધામણી



જીતેન્દ્રકુમાર ભાટીયા
ડુગરવાડા હાઈસ્કૂલ
બાયડ જીલ્લો અરવલ્લી



વિનોદભાઈ શાહ
બાયડ જીલ્લો અરવલ્લી



હસમુખભાઈ એસ પટેલ
પૂર્વ પ્રમુખ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ સાયરા તા મોડાસા

**અરવલ્લીના વિદ્યાર્થીઓને**

# ડિગ્રી તેમજ ટ્રાયલ સર્ટિફિકેટ માટે HNGU પાટણ ૩૦૦ કિ.મી. સુધીનો ધરમધક્કો

**અરવલ્લી જીલ્લામાં સબ સેન્ટરની માંગ પ્રબળ**




મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લાને રચના થયાને ૮ વર્ષ જેટલો સમય વિતી ગયો પણ હજુ કેટલીક સુવિધાઓ મળતી નથી કે, આપવામાં નથી આવતે તેવા સવાલો ઉઠી રહ્યા છે. બીજુ કાંઈ ન મળે તો કાંઈ નહીં જિલ્લાના વિદ્યાર્થીઓને અરવલ્લી જિલ્લામાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું એક સેન્ટર મળે તો પણ આપો. હાલ વિદ્યાસહાયકની ભરતી ચાલુ છે, પણ વિદ્યાર્થીઓને પાટણ સુધી ત્રણસો થી સાડા ત્રણસો કિલો મિટરનો ધક્કો ખાવો પડી રહ્યા છે. ભરતી પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને એક્સટર્નલ ડિગ્રીના ટ્રાયલ સર્ટિફિકેટ લેવા માટે મેઘરજ, માલપુર કે બાયડ બોર્ડર વિસ્તારના તાલુકાના વિદ્યાર્થીઓને પાટણનો ત્રણસો કિલો મિટરનો ધક્કો ખાવો પડે છે. તો મોડાસા, ભિલોડા અને ધનસુરા તાલુકાના વિદ્યાર્થીઓને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. એક ધક્કામાં સર્ટિફિકેટ મળી જાય તો નસીબ, બાકી બે ત્રણ ધક્કા તો ખાવા જ રહ્યા.

અરવલ્લી જિલ્લાની વિવિધ કોલેજમાં અભ્યાસ કરતા અનેક વિદ્યાર્થીઓને નાની-નાની બાબતો માટે છેક યુનિવર્સિટી સુધી લાંબા થવાનો વારો આવે છે, પણ આ બાબતે યુનિવર્સિટીના સત્તાધિશો કે શિક્ષણ વિભાગ આ બાબતે કોઈ જ ધ્યાન ન આપતું હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. શિક્ષણના કહેવાતા શિક્ષણ વિદોને કદાચ આવા ધક્કા ખાવા નહીં પડતાં હોય એટલે વિદ્યાર્થીઓના મનની વાત તેમને નહીં સમજાતી હોય. વિદ્યાર્થીઓને ૩૦૦ કિલો મિટરના આવવા-જવાનો ધક્કો કદાચ એક હજાર રૂપિયાથી વધારે નો થતો હશે અને તેમાંય બસનો સમયસર મળવું અને સમયનો વ્યર્થ તો ખરો જ.

### ડિગ્રી સર્ટિફિકેટની ફી યુનિવર્સટી પહેલા જ લે છે, પણ ઘરે સુધી નથી પહોંચ્યા...!!!

જ્યારે પરીક્ષાના ફોર્મ ભરાતા હોય અથવા તો પ્રવેશ થતો હોય તે સમયે જ એડવાન્સમાં જ ડિગ્રી સર્ટિફિકેટની ફી યુનિવર્સિટી દ્વારા લઈ લેવામાં આવતી હોય છે, પણ હજુ સુધી કેટલાય વિદ્યાર્થીઓના ડિગ્રી સર્ટિફિકેટ નથી પહોંચ્યા અને આ માટે વિદ્યાર્થીઓને પાટણ સુધી યુનિવર્સિટીના ધરમ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. એક બાજુ વિદ્યાસહાયકની ભરતી ફોર્મ ભરવાનું ભારણ અને બીજી બાજુ ડિગ્રી સર્ટિ ન હોવાનું માનસિક ભારણ ઉમેદવારોની માનસિક અને શારીરિક હેરાનગતિ વધારી દીધી છે.

### ડિજિટલની મોટી વાતો વચ્ચે એક્સટર્નલ વિદ્યાર્થીઓને પાટણ સુધી લાંબા કેમ થવું પડે છે?

હાલ ડિજિટલ ગુજરાતની વાતો કરવામાં આવી રહી છે, તો પાટણ યુનિવર્સિટી વિદ્યાર્થીઓના હિતમાં કેમ કંઇ વિચારતી નથી તેવા સવાલો હવે વિદ્યાર્થીઓના મનમાં ઉઠી રહ્યા છે. ડિજિટલની વાતો થઇ રહી હોય તો એક્સટર્નલ ડિગ્રી મેળવનારા વિદ્યાર્થીઓને પાટણ સુધી કેમ ધક્કા ખાવા પડે છે ? આવા વિદ્યાર્થીઓને ઓનલાઈન ટ્રાયલ સર્ટિફિકેટ આપવા માટેની કેમ કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી ? જો ઓનલાઈન સુવિધા શક્ય ન હોય તો જે-તે કોલેજને કેમ આ કામગીરી સોંપવામાં નથી આવતા ? વિદ્યાર્થીઓને ધક્કા ખવડાવવામાં યુનિવર્સિટી સત્તાધિશોને મજા આવે છે કે શું ? વિદ્યાર્થીઓના હિતમાં કેમ કોઈ યોગ્ય નિર્ણય લેવામાં નથી આવતો ?

### વિદ્યાર્થીઓની તકલીફનો યુનિ.સત્તાધીશો અને શિક્ષણ સંસ્થાન સાથે સંકળાયેલ તજજ્ઞો એક વાર કરે અનુભવ


યુનિવર્સિટીના સત્તાધિશો તેમજ શિક્ષણ સંસ્થાન સાથે સંકળાયેલા તમામ મહાન વિદ્વાનો એકવાર વિદ્યાર્થીઓની મનન વાત સાંભળે અને તેમની જગ્યાએ આવીને અરવલ્લીના છેવાડાના ગામડાથી પાટણનો ફેરો બસમાં લગાવે તો અહેસાસ જરૂરથી થશે કે, વિદ્યાર્થીઓને ધક્કા ખવડાવવા અથવા તો વારંવાર વિદ્યાર્થીઓ પાટણ આવે તે કેટલું કઠિન છે.

# ઘરમાં ઝઘડો થતા પાકિસ્તાની કિશોર ભારતમાં આવી પહોંચ્યો

**ભૂલથી ભારતની સીમામાં ઘૂસી ગયેલા પાકિસ્તાની યુવકને પરત મોકલાયો**

પાલનપુર, તા. ૧૩

પાકિસ્તાનના ગરીબ પરિવારનો યુવક ઘરે ઝગડો કરો નીકલી ગયો હતો. બીએસએફએ સદભાવના રાખી યુવકને પાક રેંજર ને સુપત્ર કર્યો.



આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાકિસ્તાનનો એક યુવક ભૂલ થી આંતરરાષ્ટ્રીય બોર્ડર પર કરી ભારતનો સીમામાં ઘુસી જતા બીએસએફની ટીમે આ યુવકની ઓળખ કરી તેમજ સદભાવના રાખી યુવકને પરત પાકિસ્તાન રવાના કર્યો હતો. પાકિસ્તાનના થારપારકર જિલ્લાના ઉન્ડેટ ગામના એક ગરીબ પરીવારનો બિન્જો નામનો પંદર વર્ષીય કિશોર ગત તા ૯ ફેબ્રુઆરી ના રોજ પોતાના ઘરે ઝગડો કરી નીકળી ગયો હતો અને ભૂલ થી આંતરરાષ્ટ્રીય સીમા પાર કરી ભારત માં ઘુસી જતા બીએસએફ ની ટીમે આ પાકિસ્તાની યુવકને કુડા છપરિયા લિંક રોડ થી ઝડપી પાડ્યો હતો અને તેની ઓળખ કરી તેમજ સદભાવના દાખવી તેનું પુનઃ પરિવાર મિલમ થાય તે હેતુ તેને આ યુવક ને પાકિસ્તાન રેંજર ને સુપ્રત કરાયો છે.



પાલનપુરના કોટ અંદરના વિસ્તારમાં ચાલી રહેલા ભૂગર્ભ ગટરની કામગીરોમાં કોન્ટ્રાકટરની લાપરવાહીના કારણે મીરાગેટ નજીક પીવાની પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેને લઈ હજારો લીટર પીવાના પાણીનો સરેઆમ વેડફાડ થયો હતો.

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

# ભિલોડા તાલુકાના ઉબસલ ગામમાં આઈ શ્રી ખોડીયાર માતાજી મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ શ્રધ્ધાભેર યોજાયો





ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઉબસલ ગામમાં આઈ શ્રી ખોડીયાર માતાજી મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વિધિવિધાન પુર્વક શ્રધ્ધાભેર યોજાયો હતો.શ્રી નવ યુવક મંડળ ગામ સમસ્ત ગ્રામજનો અને માંઈ ભક્તોએ ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ધાર્મિક કાર્યક્રમ દરમ્યાન સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.ભાવિક ભક્તોએ ખોડીયાર માતાજીના દર્શન કરીને પ્રસાદી મેળવીને ધન્યતા અનુભવી હતી.અલ્પેશ ઠાકોર ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા.સમાજ વ્યસન મુક્ત બને,સંગઠન મજબુત બંને,શિક્ષિત બને તે વિષય પર વિશેષ ભાર મુક્યો હતો.

**અરવલ્લીમાં એલસીબી પોલીસે**

# આંતરરાજ્ય પશુ ચોર ગેંગના બે પશુ ચોરને પીકઅપ ડાલા સાથે ધનસુરા નજીકથી દબોચ્યા : ૪ ગુન્હાનો ભેદ ઉકેલાયો

મોડાસા,તા. ૧૩

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં લોકો ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય કરી જીવન નિર્વાહ ચલાવી રહ્યા છે છેલ્લા કેટલાક વર્ષોથી બંને જીલ્લામાં અનેક પશુ ચોર ટોળકીઓ સક્રીય થતા પશુપાલકોની ઉંઘ ઉડાડી દીધી છે અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ એલસીબી પોલીસે ધનસુરા-બાયડ વિસ્તારમાં પશુની તસ્કરી કરવા પીકઅપ ડાલા સાથે ધનસુરા નજીકથી પસાર થતા આંતરરાજ્ય પશુ ચોર ટોળકીના બે આરોપીઓને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ ૪ પશુ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખી પશુ તસ્કરીમાં સંડોવયેલ ત્રણ રાજસ્થાની અને એક મહારાષ્ટ્રીયન પશુ ચોરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. અરવલ્લી એલસીબી પીઆઈ સી.પી.વાઘેલા અને તેમની ટીમે ધનસુરા-બાયડ તાલુકામાં પશુ ચોરીની ઘટનાઓમાં વધારો થતા અલગ-અલગ







ટીમો બનાવી બાતમીદારો સક્રિય કરી સમગ્ર વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ હાથધરતા પીઆઈ સી.પી.વાઘેલાને પશુ ચોરી કરતી આંતરરાજ્ય ગેંગના બે આરોપીઓ ધનસુરા તરફ આવી રહ્યા હોવાની બાતમી મળતા પોલીસે રોડ પર વોચ ગોઠવી બાતમી આધારીત પીકઅપ ડાલુ આવતા અટકાવી પીકઅપ ડાલાના ચાલક સુનિલ લક્ષ્મણ રાઠવા અને બરકતખાન કરીમખાન મુસલમાનની સઘન પૂછપરછ કરતા બંને આરોપીઓએ અન્ય આરોપીઓ સાથે મળી ધનસુરા-બાયડ વિસ્તારમાંથી ૪ સ્થળેથી ૭ ભેંસ અને ૧ પાડીની તસ્કરી કરી હોવાની કબૂલાત કરતા પોલીસે પીકઅપ ડાલુ, બે મોબાઈલ, રોકડ મળી કુલ.રૂ.૪૧૧૨૨૦/- નો મુદ્દામાલ જપ્ત કરી બંને પશુ ચોરને ધનસુરા પોલીસ સ્ટેશનને સુપ્રત કરી પશુ તસ્કરીમાં સંડોવાયેલ ૪ આરોપીઓને દબોચી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

**એલસીબી પોલીસે આંતરરાજ્ય પશુ ચોર કોણ કોણ વાંચો**
૧) બરકતખાન કરીમખાન મુસલમાન (રહે,આંટા, બાડમેર-રાજસ્થાન)
૨) સુનિલ લક્ષ્મણ રથવા (રહે,સખાનદ્રા, છોટાઉદેપુર-ગુજરાત)

**આંતરરાજ્ય પશુ તસ્કરીના વોન્ટેડ આરોપીઓ**
૧)નિઝામખાન હાજીગવર મુસલમાન
૨)સદામહુસેન સાયરહુસેન મુસલમાન (બંને રહે, કચ્ચી બનીયોકી બસ્તી દેરાસર, બાડમેર-રાજસ્થાન)
૩)હાસીમખાન કરીમખાન મુસલમાન (રહે,આંટા, બાડમેર-રાજસ્થાન)
૪)હાસીમ (રહે,મહારાષ્ટ્ર)

**પશુચોર ટોળકીએ કયા કયા વિસ્તારમાંથી પશુ ચોર્યા**
૧) બાયડ રડોદારા નજીકથી બે ભેંસ રૂ.૧.૩૦ લાખ
૨) બાયડ કસ્બા વિસ્તાર માંથી બે ભેંસ અને એક પાડી રૂ.૮૦૦૦૦/-
૩)ધનસુરા બારનોલી ગામમાંથી એક ભેંસ રૂ.૬૦૦૦૦/-
૪)ધનસુરા નજીક તબેલામાંથી બે ભેંસ રૂ.૯૦૦૦૦/-

# પ્રેમનો દિવસ એટલે વેલેન્ટાઈન-ડેની ઉજવણી કરવા યુવાધનમાં જોવાતી આતુરતા

પાલનપુર તા.૧૩

પ્રેમની અભિવ્યક્તિ કરવાનો આમ તો કોઈ ચોક્કસ દિવસ હોતો નથી પરંતુ પશ્ચિમી સંસ્કૃતિમાં વેલેન્ટાઈન ડે ના દિવસે યુવાઓ પોતાના મનગમતા પાત્ર સમક્ષ પોતાના પ્રેમને અભિવ્યક્તિ કરે છે. પશ્ચિમી દેશોનુ અનુકરણ કરી અને ભારત જેવા દેશમાં પણ વેલેન્ટાઈન ડેની ઉજવણી કરવામાં આવે છે.





જીવનમાં પ્રેમ ન હોય તો એ જીવન વ્યર્થ છે એ પ્રેમ પછી માતા-પિતા નો હોય ,ભાઈ-બહેન નો હોય, મિત્રનો હોય કે પછી પ્રેમી-પ્રેમિકા નો હોય, પ્રેમ વિના જીવન મીઠાશ વગરની જિંદગી સમાન છે. આજની ૨૧મી સદીમાં હવે ટેકનોલોજીનો ઉપયોગ વધતાં પહેલાના સમયની જેમ જુજ લોકો જ પ્રેમ પત્ર લખતા હોય છે હવે મોબાઈલ ના યુગમાં યુવાઓ મેસેજ થી એક-બીજાને પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરવા લાગ્યા છે. ૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન ના દિવસે યુવાધન ઉત્સાહપૂર્વક પોતાના પ્રિય પાત્રને વિવિધ ભેટસોગાદો આપવા માટે ગિફ્ટ ની દુકાનોમાં ખરીદી કરતા હોય છે. ફલ બજાર માંથી ફૂલની કળી આપીને પ્રેમનો એકરાર કરતા હોય છે. આમ વેલેન્ટાઈન ના યુવા ધન ઉજવણી કરી રહ્યા છે.